Extra No. 3
©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ] THURSDAY, JANUARY 1, 2026 / PAUSA 11, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**હુકમ**

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો**

File No : KHD/MSC/e-file/450/2025/3819/MAG BRANCH શ્રી મોઢ બ્રાહ્મણ જ્ઞાતિપંચ કપડવંજ દ્વારા તા.૨૯/૦૧/૨૦૨૬ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી શ્રી મોઢેશ્વરી માતાજીના પાટોત્સવની ઉજવણી નિમિત્તે મંદિરના પ્રાંગણમાં એટલે કે, બત્રીસ કોઠા વાવની આગળ જાહેર માર્ગ ઉપર યજ્ઞનુંઆયોજન કરવામાં આવેલ છે. જેથી આ કાર્યક્રમ દરમ્યાન સદર માર્ગ પરથી પસાર થનારા વાહનોની અવર-જવર પર નિયંત્રણ મુકવા શ્રી મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ પંચ-કપડવંજના પ્રમુખશ્રી દ્વારા અત્રે વિનંતી કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદનાઓ પાસે ઉક્ત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા તેઓશ્રીના તા.૧૮/૧૨/૨૦૨૫ પત્ર ક્રમાંક: એલઆઈબી/એચએ/જાહેરનામું/૧૫૧૪/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના ઉક્ત અભિપ્રાય મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગો ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન--વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અહેવાલ રજૂ કરેલ છે. ટ્રાફિક નિયમન તથા કાયદો વ્યવસ્થા જાળવણી ધ્યાને રાખતા ઉક્ત દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૯/૦૧/૨૦૨૬ થી તા.૩૧/૦૧/૨૦૨૬ દરમ્યાન નીચેના જાહેર માર્ગો ઉપર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

**(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના જાહેર માર્ગો:-**

1) કપડવંજ ગાંધી પ્રતિમાંથી બત્રીસ કોઠાવાવ તરફ આવતા વાહનો.

2) કપડવંજ હોળી ચકલા થી બત્રીસ કોઠાવાવ તરફ આવતા વાહનો.

**(B) ઉપરોક્ત જણાવ્યા મુજબના જાહેર માર્ગો બંધ કરતા તમામ વાહન વ્યવહાર ચાલુ રાખવા માટેના વૈકલ્પિક રૂટ:-**

1) કપડવંજ ગાંધી પ્રતિમાંથી બત્રીસ કોઠાવાવ તરફ આવતા વાહનોને મોઢેશ્વરી માતા મંદિર આગળ થી કુંડવાવ ચોકી, હોળી ચકલા થઈ આગળ તરફ જશે.

2) કપડવંજ હોળી ચકલા તરફથી આવતા વાહનો પટેલવાડા થી લાંબી શેરી, દલાલ વાડા થઈ આગળ જશે.

**શિક્ષા:-**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ વિભાગ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

ખેડા - નડીયાદ, તા.૨૦મી ડિસેમ્બર ૨૦૨૫

**જે.બી.દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડિઆદ

------------------

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press &
Stationery, Vadodara
Date : 2026.01.19 17:27:22 IST